# હોસ્પિટલના મેડીકલ સ્ટોરમાં દવાની અછત

## એન્ટીબાયોટીક અને બ્લડપ્રેશરની દવા ન હોવાથી દર્દીઓને વીલા મોં એ પરત ફરવું પડે છે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એન્ટીબાયોટીક, બીપી અને હદયના ધબકારાને લગતી દવાઓની અછત જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લાના દર્દીઓને હોસ્પિટલની દવાની બારી પરથી દવા લીધા વિના વિલા મોં એ પરત ફરવાનો વારો આવે છે. જયારે હોસ્પિટલ સંકુલમાં આવેલ જેનરીક દવાના સ્ટોરમાં પણ માત્ર ૨૫ ટકા જ દવાઓ ઉપલબ્ધ છે. ત્યારે દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગમે ત્યારે એમસીઆઈની ટીમ આવી પડે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. હોસ્પિટલ તંત્ર એમસીઆઈની ટીમ આવવાવની હોવાને પગલે સતર્ક અને સજજ થઈ ગયું છે. ખુદ સિવિલના સત્તાધિશો હોસ્પિટલમાં કોઈ પણ જાતની કચાશ રહી ન જાય તેનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. ગાંધીનગર હોસ્પિટલ જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદ રુપ સાબિત થઈ છે. ત્યારે હોસ્પિટલમાં દવાની તંગી જોવા મળી રહી છે. જેમાં અત્યારે હાલ મોટાભાગના દર્દીઓ હાઈ બ્લડ પ્રેશરના હોય છે ત્યારે બીપીની દવા જ ન હોવાથી દર્દીઓને જેનરીક દવાના સ્ટોરમાં જાય છે પરંતુ ત્યાં પણ મોટાભાગની દવાઓનો ખાલી નજરે પડે છે. જેનરીકમાં સ્ટોરમાં પણ દવા ન હોવાથી દર્દીઓને ન છુટકે ખાનગી મેડીકલ સ્ટોરમાંથી મોંઘી દવા ખરીદવાનો વારો આવે છે. જયારે હોસ્પિટલની દવાની બારી પર એન્ટીબાયોટીક અને બીપી સહિત હદયના ધબકારાને લગતી દવાઓ ન હોવાથી દર્દીઓને બારી પરથી વિલા મોં એ પરત ફરવાનો વારો આવે છે. ત્યારે હોસ્પિટલમાં દવાઓની અછત ઝડપી દુર થાય તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.




સિક્યોરીટી ફોર્સના દેખાવો : ગુજરાત સરકાર સ્થાપિત ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરીટી ફોર્સ સોસાયટીના સભ્યોએ કાયમી નોકરી અને ૭મા પગારપંચની માંગ સાથે ગાંધીનગર ખાતે દેખાવો યોજ્યા હતા. સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ફોર્સના સિક્યોરીટી જવાનોએ સૂત્રોચ્ચાર અને ધરણાં કર્યા હતા.

# ગાંધીનગરની યશવી વર્લ્ડ એરિથમેટિક સ્પર્ધામાં તૃતીય સ્થાને વિજેતા

## માત્ર ૮ મિનિટમાં ૨૦૦ ગાણિતિક કોયડા ઉકેલ્યાં : ૨૨ દેશોના ૨૨૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો

ગાંધીનગર, તા. ૮

યુસીમાસ દ્વારા દુબઈ ખાતે યોજવામાં આવેલ ૨૧મી અબાકસ એન્ડ એરિથમેટિક ઈન્ટરનેશનલ કોમ્પિટીશન - ૨૦૧૬માં ગાંધીનગરના સેક્ટર-૮ની યશવી પટેલે કેટેગરી-બીમાં ૭ વર્ષ અને તેથી ઉપરની કેટેગરીમાં તૃતીય સ્થાન હાંસલ કરી શહેરનું ગૌરવ વધાર્યુ છે. આ સ્પર્ધામાં ૨૨ દેશના આશરે ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



સેક્ટર-૮માં પ્લોટ નં. ૧૦૯ ખાતે રહેતા અને એન્જિનીયરીંગ ક્ષેત્રે બીઝનેસ કરતા ગીરીશભાઈ પટેલ તથા તેમના પત્નિ હેતલબેન પટેલની પુત્રી યશવીએ હાંસલ કરેલ આ સિદ્ધિથી શહેરના એરિથમેટિક લવર્સમાં આનંદનુ મોજુ ફેલાયું છે. યુસીમાસ દ્વારા ગત વર્ષના નવેમ્બર માસમાં દુબઈ ખાતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરની એક ખાનગી સ્કૂલમાં ધો. ૨માં અભ્યાસ કરતી યશવી પટેલે પ્રથમ રાષ્ટ્રીય કક્ષાએ વિજેતાઓમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ જેના કારણે તેની આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૦૦ જેટલા ગાણિતિક કોયડા માત્ર ૮ જ મિનિટમાં ઉકેલવાના હોય છે. સ્પર્ધામાં ભારતભરમાંથી ૪૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. અત્યંત મુશ્કેલ ગણાતી આ સ્પર્ધામાં યશવીએ તૃતીય સ્થાન મેળવી શહેરનું નામ વૈશ્વિક કક્ષાએ રોશન કર્યુ છે. તેની આ સિદ્ધિ બદલ માતા-પિતા સહિત ચોતરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# હોસ્પિટલ સંકુલના રહેણાંક વિસ્તારમાં ઉભરાતી ગટરથી કર્મચારીઓ હેરાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં કર્મચારી-અધિકારીઓ માટે રહેણાંકના મકાનો આવેલા છે. જેમાં હોસ્પિટલના સ્ટાફના કર્મચારીઓ પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની સમસ્યા સર્જાઈ છે. રહેવાસીઓએ અનેકવાર તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા હજુ સુધી નિવેડો આવ્યો નથી. ત્યારે ગટરના દુષિત પાણીને પગલે કર્મચારીઓના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી સેકટરોમાં ઠેરઠેર ગટરો ઉભરાવાની સમસ્યા સર્જાઈ રહી છે. ગટરોના દુષિત પાણી માર્ગો પર ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. જેને અનુલક્ષીને મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકો હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલ સંકુલમાં આવેલ રહેણાંક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાતા દુર્ગંધથી વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના વિવિધ રોગની બિમારીથી પિડાતા દર્દીઓ સાજા થવા માટે હોસ્પિટલમાં આવે છે ત્યારે કર્મચારીઓ જ બિમાર પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે વસાહતીઓ દ્વારા વારંવાર રજુઆત કરવા છતા કોઈ નિવેડો આવ્યો નથી. હોસ્પિટલ સંકુલમાં ઉભરાતી ગટરો ઝડપથી બંધ થાય તેવું વસાહતીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



આતંકવાદ તો ગાયબ થયો કે નહીં એ તો કેમ ખબર પડે... પણ નોટો તો ગાયબ થઈ જવાની જ...!

# આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા રૂટ પર ગુપ્તચર એજન્સી કામે લાગી

## વનબંધુઓના ભાજપ પક્ષ વિશે શું અભિપ્રાય છે તેનો સર્વે કર્યો : નકારાત્મક રિપોર્ટ આવતા પક્ષમાં ચિંતા

ગાંધીનગર, તા. ૮

ભાજપની આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ થઈ ચુક્યો છે. ત્યારે આદિવાસી વનબંધુઓનો ભાજપ સરકાર વિશે શું અભિપ્રાય છે? તે જાણવા ગુપ્તચર એજન્સી કામે લાગી ગઈ હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષ પ્રત્યે ગમા-અણગમા અંગે લેવાઈ રહેલા અભિપ્રાયમાં એજન્સીનો રિપોર્ટ નકારાત્મક આવતા શાસક પક્ષ ચિંતામાં મુકાઈ ગયો હોવાનું પણ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

નવસારીના ઊકાઈ ખાતેથી મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ વનવાસી બંધુઓની અસ્મિતાને ઉજાગર કરતી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો જે અનુસંધાને આદિવાસી વનબંધુઓનો ભાજપ સરકાર વિશે શું મન છે ? અને સરકારથી નારાજ છે કે તરફેણમાં છે તે સહિતની વિગતો જાણવા આઈ.બી.ની ટીમો વિશેષ સક્રીય થઈ છે. ગામડે-ગામડે આઈબીની ટીમો ફરી રહી છે. અને તલાટીઓ સુધી પહોંચીને ગામના આદિવાસી મતદારોના અભિપ્રાય મેળવી રહી છે. જો કે મળી રહેલી બિનસત્તાવાર માહિતી મુજબ આઈ.બી. દ્વારા કરવામાં આવેલા સર્વે બાદ સબમીટ કરાયેલા રીપોર્ટ નકારાત્મક છે જેને પગલે સરકાર હવે આદિવાસી મતદારો પર વિશેષ ધ્યાન આપી તેમને રીઝવવા પ્રયત્ન કરશે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

# બીસીએ કોલેજમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ શંચાલિત અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ અને પીજીડીસીએ)ના સેમીસ્ટર-૪ અને ૬ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે વાલી સંમેલન બ્રહ્મા કૃપા હોલ ખાતે યોજાયુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



આ વાલી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા મનોવિજ્ઞાનિક ડૉ. વાસુદેવભાઈ રાવલ અને અતિથિવિશેષ તરીકે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા હાજર રહ્યા હતા. અને કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય શાહ દ્વારા વર્ષ દરમિયાન થતી વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ કમ્પ્યુટર એપ્લીકેશનમાં જ અનુસ્નાતક એટલે કે એમ.સી.એ. કરીને વિદ્યાર્થીઓએ તેમનું કરીયર આગળ વધારવુ જોઈએ તેવું આગ્રહપૂર્વક જણાવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ, વાલીઓ અને આ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસની સાથે સાથે કોલેજમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે તે વિશેની માહિતી પોત પોતાની આગવી શૈલીમાં રજુ કરી હતી. કેએસવાયના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલાએ વાલીઓને યુનિવર્સિટીની કાર્યપદ્ધતિનો વિસ્તૃત ચિતાર આપ્યો હતો. સંમેલનના મુખ્ય મહેમાન ડૉ. વાસુદેવભાઈ રાવલે પોતાના વક્તવ્યમાં વાલીઓને સમયની જરૂરીયાત મુજબ પોતાનામાં બદલાવ લાવવા પ્રેર્યા હતા સાથે સાથે તેમણે માતા-પિતાએ પોતાના સંતાનોના મિત્ર બનીને રહેવાની વાત પર ભાર મુક્યો હતો. સંમેલનના અંતે વાલીઓ વિદ્યાર્થીઓના મેન્ટર પાસેથી વિદ્યાર્થીઓની પ્રગતિ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી અને કોલેજના તમામ પ્રાધ્યાપકોએ વાલીઓને મુંઝવતા પ્રશ્નોનું યોગ્ય સમાધાન આપ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપિકા પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કુલ ૧૫૦ જેટલા વાલીઓએ હાજરી આપી હતી. આ સંમેલનને સફળ બનાવવા માટે ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. પૂજા જોશી, પ્રો. પલક પટેલ, પ્રો. મેઘા ભટ્ટ, પ્રો. રીમા શેલત અને પ્રો. રેબેકા જોબદાસનો સહોયગ પ્રાપ્ત થયો હતો.




તાજેતરમાં જ નાણાંમંત્રીએ લોકસભામાં વર્ષ ૨૦૧૭-૧૮નું નાણાંકીય અંદાજપત્ર રજૂ કર્યુ હતું. આ અંદાજપત્રની સરળ સમજૂતિ તથા તેની આગામી સમયમાં પડનાર અસરોનું પૃથ્થકરણ કરવા મંગળવારે સેક્ટર-૧૭ની સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં એક સેમિનાર યોજાયો હતો. આ સેમિનાર આઈએસબીએ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બ્રિજેશ ઠાકરે બજેટમાં કરાયેલ કરવેરાની જોગવાઈઓ અંગે શ્રોતાઓને વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ ઉપરાંત તેમણે શ્રોતાઓની મુંઝવણોના પણ સંતોષકારક ઉત્તરો આપી તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કર્યો હતો.



ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજના મહામંત્રી ઉરેન પટેલ, અન્નપૂર્ણા ધામ અડાલજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ, ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલ અને ટ્રેઝરર અજીતભાઈ પટેલ દ્વારા ખોડલધામના ચેરમેન નરેશભાઈનું કાગવડ ખાતે શાલ ઓઢાડીને મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# પ્રજાપતિ સમાજનો ૨૪મો સમૂહલગ્નોત્સવ સંપન્ન

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૪મો સમૂહલગ્નોત્સવ તાજેતરમાં યોજાયો હતો. આ સમૂહલગ્નોત્સવ યોગેશ કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા રખિયાલ રોડ દહેગામ ખાતે મહેમાનો, દાતાઓ તથા જ્ઞાતિબંદુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમાજના કાર્યકરો સ્વામી વિવેકાનંદ યુવામંચના યુવાનો, મહિલા પાંખની ભારે જહેમતથી ધામધૂમથી સંપન્ન થયો હતો. આ સમૂહલગ્નોત્સવમાં ૩૬ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. લગ્નવિધિ બાદ સત્કાર સમારંભ યોજાયો હતો અને દાતાઓ તેમજ મહેમાનોનું અભિવાદન અને નવદંપતિઓને આશિર્વચન સાથે ભેટ સોગાદ અર્પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત તા. ૫-૩-૧૭ને રવિવારના રોજ વિશાંતિભવન ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે નવદંપતિઓ માટે સમાજનુંવાપણુ રાખવામાં આવેલ છે. જેમાં નવીન જીવનમાં પ્રવેશ કરતા નવદંપતિઓની તજજ્ઞો દ્વારા આદર્શ ગૃહસ્થાશ્રમ વિશે જાણકારી આપવામાં આવશે અને લગ્ન રજીસ્ટ્રેશન સર્ટી આપવામાં આવશે.

## આજે ગાંધીનગરથી નડાબેટ સીમા સુધીના સાયક્લોથોનનો પ્રારંભ

ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર હેડક્વાર્ટર દ્વારા આવતીકાલે ૨૨૫ કિલોમીટરની ''સાયક્લોથોન''નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયક્લોથોનમાં ૫૦થી વધુ બીએસએફના સાયકલિસ્ટ ગાંધીનગરથી નડેશ્વરી સીમા સુધી સાયકલીંગ કરશે. આ સાયક્લોથોનનું આયોજન ''ગુજરાત સીમા દર્શન'' કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું છે. સાયક્લોથોનનો પ્રારંભ બપોરે ૪ કલાકે સેક્ટર-૨૦ના કોમ્યુનિટી હોલ ખાતેથી થશે. ગાંધીનગરથી પ્રારંભ થયેલ આ સાયક્લોથોન તા. ૧૧મીએ બનાસકાંઠા જિલ્લાની પાકિસ્તાન સરહદ પર આવેલ નડેશ્વરી મંદિર ખાતે જ્યાં ગુજરાત સીમા દર્શન યોજાય છે ત્યાં પહોંચશે.

## બ્રહ્મસમાજ દ્વારા મહિલાઓનું સન્માન કરાશે

સમસ્ત બ્રહ્મ સમાજની મહિલા પાંખ દ્વારા મહિલા દિને સન્માન સમારંભ યોજાશે. જેમાં ૪૦ વર્ષ ઉપરની બહેનોને એક અથવા બે દીકરી હોય તેવી માતાઓનું સન્માનનો કાર્યક્રમ ૫ માર્ચના રવિવારે ૩ થી ૫ દરમિયાન યોજાસે. જેમાં નામ નોંધણી ૨૦ ફેબ્રુઆરી સુધીમાં ચંદ્રિકાબેન રાવલ, મો. ૯૪૨૮૬૧૪૪૮૨ પર નોંધાવવી રહેશે.




## સરગાસણ પ્રાથમિક સ્કૂલમાં માર્ગ સલામતી અંગે કાર્યક્રમ

ગાંધીનગરના છેવાડે આવેલા સરગાસણ ગામે પ્રાથમિક શાળામાં આરટીઓ કચેરી દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના ધોરણ ૫ થી ૮ના ૧૨૨ વિદ્યાર્થીઓને આરટીઓના અધિકારી દવેએ રોડ પર કેવી રીતે સલામત રહેવુ તથા ટ્રાફિક બાબતે જવાબદારીઓ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્યા સ્તુતિ જોષી તથા તાલુકા શિક્ષણાધિકારી સંજય પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી ગાંધીનગર જિલ્લાના સરકારી આર્યુવેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના સરકારી તેમજ જિલ્લા પંચાયત સંચાલિત આર્યુવેદ અને હોમિયોપેથિક દવાખાનાઓમાં તા.૯ અને ૧૦ ફેબ્રુઆરીના રોજ બાળકોના સ્વાસ્થય અને તંદુરસ્તી માટે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે. આ સુવર્ણપ્રાશનના ટીપા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત હોમિયોપેથી અને આર્યુવેદીક ઓપીડી સહિત સેકટર-૭ અને ૨૯ સરકારી આર્યુવેદ દવાખાના ખાતે પણ બાળકોને વિનામુલ્યે પીવડાવવામાં આવશે.

બાળકના ઉત્તમ સ્વાસ્થય તથા તંદુરસ્તી માટે આર્યુવેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે.પુષ્ય નક્ષત્ર બળવાન હોવાથી તે નક્ષત્રમાં કરવામાં આવેલ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. જેને અનુલક્ષીને પુષ્યનક્ષત્રમાં સુવર્ણપ્રાશનના ટીંપા બાળકોને ચટાડવામાં આવતા તે ઉત્તમ ફળદાયી નીવડે છે. બાળકના શરીરમાં વૃધ્ધિની પ્રક્રિયા ચાલતી હોય ત્યાં સુધી વધુ પોષણ મળે છે.ત્યારે પુષ્ય નક્ષત્રમાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવે તો બાળકના બળ, બુધ્ધિ અને મેઘામાં વધારો થાય છે. શારિરીક અને માનસિક વિકાસ ઝડપી બને છે તેમજ રોગ પ્રતિકારક શકિતમાં પણ વધારો થવા પામે છે. ત્યારે તંત્ર દ્વારા જિલ્લાના સરકારી તેમજ જિલ્લા પંચાયત સંચાલિત હોમિયોપેથિક અને આર્યુવેદ દવાખાનામાં સુવર્ણપ્રાશનના ટીંપા બાળકોને પીવડાવવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં કુલ -૨૪ સ્થળો પર સુવર્ણપ્રાશનના ટીંપા બાળકોને પીવડાવવામાં આવશે. જયારે ગાંધીનગર શહેરની સરકારી હોસ્પિટલના આર્યુવેદ અને હોમિયોપેથિક વિભાગ તેમજ સેકટર-૭ અને ૨૯ માં આવેલ આર્યુવેદ દવાખાનામાં પણ બાળકોને વિનામુલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે.

## અમૂલ ડેરી પર ફરીથી કોંગ્રેસનો કબજો

### ચેરમેન પદે ઠાસરાના ધારાસભ્ય રામસિંહ પરમાર ચૂંટાયા

ગાંધીનગર, તા. ૮

આણંદની અમૂલ ડેરીમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. ફરીથી અમૂલ ડેરી પર કોંગ્રેસે કબજો કર્યો હોવાનું ચૂંટણી પરિણામમાં ખુલ્લુ પડ્યું છે. ચૂંટણીનું પરીણામ આજે જાહેર થયુ હતુ. જેમાં ચેરમેન તરીકે ઠાસરાના ધારાસભ્ય રામસિંહ પરમાર અને વાઈસ ચેરમેન તરીકે બોરસદના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર ચૂંટાઈ આવ્યા છે.